ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# જ્ઞાનગંગા
મુખપત્ર



વર્ષ : ૩ અંક : ૪ (ફક્ત આંતરિક વિતરણ) ૨૫ માર્ચ, ૨૦૦૭

मधुनम्तमुतोषसो मधुमत्पार्थिव रजः ।
मधुधैरस्त नः पिता ॥
સંસારમાં એવા કાર્યો કરવાં જોઈએ
જેથી દરેકને સુખ શાંતિ અને પ્રસન્નતા મળે.
(અર્થવેદ)

## કુલપતિશ્રીની કલમે

ભારતની સંસ્કૃતિ જ્ઞાનની સંસ્કૃતિ છે. જે શાસ્ત્ર અને લોકની પરંપરાઓના સુયોગ પર આધારિત છે. આ સંસ્કૃતિમાં શાસ્ત્ર અથવા જ્ઞાનનો હેતુ બંન્ધન માટે નહિ પણ વિમુક્તી છે. सा विद्या या विमुक्तये। આ સંસ્કૃતિમાં જ્ઞાનની તક્ષશિલા, નાલંદા જેવી વિદ્યાકીય સંસ્થાઓ ઉભી થઈ. આ પરંપરાઓ ગુરૂ જેવી મહાન સંસ્થાના પાયા પર આધારિત હતી. જેમાં ગુરૂનું સ્થાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ત્રિપૂટીમાં આપવામાં આવ્યું હતું એટલે કહેવાયું કે गुर्रु ब्रह्मा, गुर्रु विष्णु, गुर्रु देवो महेश्वरः ।

આ શ્લોકનો શાબ્દિક અર્થ ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશમાં છે એવો નથી. આમાં ત્રણેયના મુખ્ય તત્વો સર્જન, પાલન અને સંહારની ગુરૂની ક્ષમતા અને યોગ્યતાની વંદના કરવામાં આવતી હતી. આ ત્રણે શક્તિઓના સંયોગનું નામ છે પરમ બ્રહ્મ. એવી જ રીતે પછીથી ગુરૂને ગોવિંદના દર્શન કરાવનારની સંજ્ઞા આપવામાં આવી. बलिहारी गुरु आपकी गोविन्द दियो दिखाई। પણ ત્યાં ગોવિંદનો પ્રયોગ રૂપક રીતે કરવામાં આવ્યો છે. જેનો અર્થ છે વિમુકતકારક જ્ઞાન અને વિવેકની મૂર્તિ અને ગુરૂને જ્ઞાન અને વિવેકના દર્શન કરાવનાર માનવામાં આવે છે.

ગુરૂની આ પરંપરામાં સમયાંતરે સામાજિક અને આર્થિક બદલાવ સાથે પરિવર્તન આવે છે અને ગુરૂની જગ્યા આચાર્ય, અધ્યાપક અને શિક્ષકની સંજ્ઞા ઉભી થાય છે. ઈતિહાસની પરંપરામાં જોઈએ તો કદાચ દ્રોણાચાર્યથી આમાં બદલાવ આવતો થયો. તે પહેલા ગુરૂ વસિષ્ઠ અને વિશ્વામિત્ર એવા હતા જે જ્ઞાન આપતા હતા પણ તેની અવેજમાં પ્રત્યક્ષ રીતે કોઈ આશા અથવા આર્થિક અપેક્ષા રાખતા ન હોતા. દ્રોણાચાર્ય ગુરૂ અને આચાર્યની સંસ્થાઓનું સંક્રાતિ ધોતક છે કેમ કે આમના નામ પહેલા ગુરૂ અને પછી આચાર્યનો ઉલ્લેખ છે. દ્રોણાચાર્યની સાથે આ સંસ્થા જ્ઞાન આપવાના બાબતે આર્થિક રાજ્યાશ્રય પુરસ્કારની શરૂઆત થઈ. આ ગુરૂએ, આચાર્યે, અધ્યાપકે જ્યારે પગાર લેવાનું શરૂ કર્યુ ત્યારે તે શિક્ષક બની ગયા. ગુરૂ જેવી સંસ્થાઓનું થોડા અપવાદ છોડીને લગભગ તેનો હ્રાસ થઈ ગયો અને તેની જગ્યાએ આચાર્ય અથવા પ્રોફેસર માત્ર એક પદ થઈ ગયું. અર્થવ્યવસ્થાના પરિવર્તનની સાથે શિક્ષણ વ્યવસ્થામાં નવો વળાંક ત્યારે આવ્યો જયારે શિક્ષક પોતાના પદ અથવા આર્થિક અધિકાર માટે કોઈ યુનિયનના સભ્ય બન્યા. ત્યારે તે શિક્ષકની જગ્યા ફક્ત શ્રમિક થઈ ગયા. અત્યારે આપણે બધા પગાર લઈને ભણાવતા યુનિયનના સભ્ય રીતે શ્રમિકની કોટિમાં આવ્યા છીએ.

ગુરૂથી શિક્ષાકિય શ્રમિકની નવી શ્રેણીમાં આપણે બધા ગુરત્ત્વના અધિકારી નથી. દા.ત. પશ્ચિમની પરંપરામાં સૉક્રેટિસનું સદ્‌ભાગ્ય એવું હતું કે આને પ્લેટો જેવા શિષ્યો મળ્યા. પ્લેટો ન હોત તો કદાચ સૉક્રેટિસનું જ્ઞાન ગ્રીક સભ્યતાની જ્ઞાન શિક્ષિત પરંપરામાંથી અદશ્ય થઈ ગયું હોત. પ્લેટોનું સદ્‌ભાગ્ય કે તેમને સૉક્રેટિસ જેવા ગુરૂ મળ્યા અને એરિસ્ટોટલ જેવા એક શિષ્ય મળ્યા. એરિસ્ટોટલનું સદ્‌ભાગ્ય કે તેમને પ્લેટો જેવા ગુરૂ મળ્યા પણ જ્ઞાનની તે સમયની બધી શાખાઓમાં પ્રદાન કરનાર એરિસ્ટોટલ કોઈ સારા શિષ્ય બનાવી ન શકયા. એક વિદ્યાર્થીના જીવનનો સૌથી મોટું સદ્‌ભાગ્ય આ હોય છે કે તેને જીવનમાં એક ગુરૂ મળી જાય છે અને એક ગુરૂનું પણ સૌથી મોટું સદ્‌ભાગ્ય આ હોય છે કે તેને જીવનમાં એક સહવિદ્યાર્થી મળી જાય છે. આ દૃષ્ટિથી ગ્રીક પરંપરામાં સૌથી સૌભાગ્યશાળી પ્લેટો હતા. પણ જ્ઞાનના ભંડાર એરિસ્ટોટલ જેને પ્લેટોએ પોતાની એકાદમીના મસ્તિષ્કની ઉપાધિ આપી હતી તેની પ્લેટોની મૃત્યુ પછી અકાદમીના ડિરેકટર તરીકેની નિમણૂંક કરવામા આવી ન હતી. તેની જગ્યા પ્લેટોના ભત્રીજાની નિમણૂક થઈ હતી. આ વિદ્યાકીય અન્યાયની સામે એરિસ્ટોટલ કોઈ અદાલતમાં ગયા ન હતા પણ એથેન્સમાં જ ગુરૂની અકાદમીની સામે ડુંગર પર પોતાની સંસ્થા લાઈસિયમ ઉભી કરી હતી. કહેવાનો અર્થ એ છે કે જ્ઞાનની સંસ્કૃતિ કર્તવ્ય આધારિત હોય છે, અધિકાર આધારિત નહી. જયારે અધ્યાપક પોતાના આર્થિક અધિકાર માટે યુનિયન પાસે અથવા કોર્ટમાં જાય છે ત્યારે તે ગુરૂ, આચાર્ય, અધ્યાપક, શિક્ષક બધાના પદોના બધા અધિકાર ગુમાવી દે છે.

આજના અધ્યાપક શ્રમિક માટે ફકત એક જ રસ્તો છે અને તે છે માત્ર 'પ્રોફેશનાલીઝમ' એટલે વ્યવસાયિકતા. આજે શિક્ષકને પ્રોફેશનલ થવું પડશે અને શિક્ષણના ક્ષેત્રમાં પ્રોફેશનલ થવાનો અર્થ છે જ્ઞાનના ક્ષેત્રમાં થયેલા વિકાસ સાથે તાલ મેળવીને વિદ્યાર્થીઓ માટે અને પોતાના બૌદ્ધિક વિકાસ માટે ઉપયોગ કરવો. આજનો શિક્ષક શ્રમિક એટલું કરે તો પણ ઘણું. આમા જરા પણ ચૂક કરશે તો શ્રમિકનું પદ પણ હાથમાંથી ચાલ્યું જશે. એમાં શંકા નથી. અધ્યાપક અને શિક્ષણના ક્ષેત્રમાં ઉભા થયેલ આ સંકટને એક પડકાર સમજીને આપણે સુસજ્જ થવું પડશે અને આ પડકારને અવસરમાં બદલવો પડશે અન્યથા ભારતીય જ્ઞાન સંસ્કૃતિના ગુરૂના પદના આપણે સાચા વારસદાર પણ નહિ રહીએ.

-: અસ્તુ :-

પ્રો. અવધેશકુમાર સિંહ
કુલપતિ

## પ્રવેશ વિભાગ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ફેબ્રુઆરી-2007 ના શૈક્ષણિક સત્રથી on line પ્રવેશ કરેલ છે. જેમાં વિદ્યાર્થીએ જે કેન્દ્ર પર Internet ની સુવિધા છે તે કેન્દ્ર પર જઈ પોતાની તમામ વિગતો આપવાની રહે છે. જેને ધ્યાને લઈ કેન્દ્ર પર નિયત પ્રતિનિધિ વિદ્યાર્થીનું on line form ભરી તેની પ્રિન્ટ કાઢી ફી ના D.D. સાથે તમામ જરૂરી પ્રમાણપત્રો લઈ યુનિવર્સિટીને મોકલી આપે છે. જયારે on line સાથે સાથે મેન્યુઅલી પ્રવેશ પણ આપવામાં આવેલ છે અને તેમાં જે તે કેન્દ્ર પર ફોર્મ મેળવી જરુરી ફી નો D.D. કઢાવી પ્રવેશ ફોર્મની સંપૂર્ણ વિગતો ભરી તમામ જરુરી પ્રમાણપત્રો સાથે યુનિવર્સિટીને સીધો જ મોકલી આપશે. પ્રવેશ ફોર્મ કેન્દ્ર પરથી મોકલવામાં આવે કે વિદ્યાર્થી સીધા જ મોકલવામાં આવેલ જે તે કવર પર પ્રવેશ ફોર્મ લખવું. જેથી યુનિવર્સિટીના અન્ય વિભાગમાં પ્રવેશ ફોર્મ જાય નહીં અને તેની સમયસર પ્રક્રિયા કરી પ્રવેશ આપી શકાય.

On line પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ છે.જે આપને માર્ગદર્શન પુરૂં પાડશે.કેન્દ્ર પરના સંયોજકશ્રી/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓને નમ્ર નિવેદન કે વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ તથા મેન્યુઅલી કામગીરીમાં ઘણો સમય લાગે છે. તેથી સમયસર શૈક્ષણિક સત્ર શરૂ થઈ શકતું નથી. તેથી On line પ્રક્રિયા પર ભાર આપે અને શકય હોય ત્યાં સુધી તમામ વિદ્યાર્થીઓના ફોર્મ e-form ભરાય. જેથી મેન્યુઅલી ફોર્મની સંખ્યા ઘટે અને સમયસર પ્રવેશ આપી શકાય.

વિદ્યાર્થીની ગત શૈક્ષણિક સત્રની પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગઈ છે તથા કેન્દ્ર બદલી,કોર્ષ બદલી,નામ સરનામા ફેરફાર વગેરે જે અરજી આપેલ છે તેની અરજી પ્રમાણેના ફેરફાર કરી વિદ્યાર્થીઓને તથા કેન્દ્રોને તેની જાણ કરી દેવામાં આવી છે.આમ છતાં કોઈ વિદ્યાર્થીના પ્રવેશ સંબંધિત પ્રશ્નો હોય તે તમામ આધારભૂત માહિતી સાથે તાત્કાલિક મોકલી આપવા જેથી તે અંગે કાર્યવાહી કરી કેન્દ્ર વિદ્યાર્થીને તેની જાણ કરી શકાય.

**ફેબ્રુઆરી-2007 પ્રવેશ સત્રથી થયેલ સુધારા :-**

(ફેબ્રુઆરી-2007 ના સત્રમાં માત્ર પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં જ પ્રવેશ આપવામાં આવેલ છે.)

1. On line પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરેલ હોવાથી ફી માત્ર ડી.ડી. થી જ ભરવાની રહેશે.
2. ઓળખપત્રો વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થતા મોકલી આપશે.પ્રવેશ ફાર્મ સાથે I.P, ઓળખપત્ર વિદ્યાર્થીએ ભરીને આપવાનું નથી.
3. શિષ્યવૃત્તિનું ફોર્મ કેન્દ્ર પર વિદ્યાર્થી પ્રવેશ મેળવ્યા બાદ પરિચય બેઠકમાં મેળવશે તથા તમામ વિગતો ભરી કેન્દ્ર જ યાદી સાથે યુનિવર્સિટીને મોકલશે.જેથી પ્રવેશ ફોર્મ સાથે શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું નહિ.
4. પરીક્ષાના ફોર્મ પણ On line ભરી શકાશે તેમજ મેન્યુઅલી દરેક કેન્દ્રને મોકલી આપવામાં આવશે.જે તે કેન્દ્રએ ફોર્મ ભરાવી એકઠા કરી યાદી સાથે પરીક્ષા વિભાગને જમા કરાવવા.

ફેબ્રુઆરી-2007ના શૈક્ષણિક સત્રમાં જે વિદ્યાર્થીઓ BPP પાસ થયેલ હોય તેઓ F.Y.B.A./B.Com./T.Y.B.A./B.Com. તથા M.A. Part - II માટેના ઓફર લેટર યુનિવર્સિટીથી વિદ્યાર્થીને મોકલી આપવામાં આવેલ છે. જે જરૂરી ફી સાથે ભરીને વિદ્યાર્થીએ તા.24-03-2007 સુધીમાં યુનિવર્સિટી ખાતે જમાં કરાવવાના રહેશે. જે વિદ્યાર્થીઓને પત્ર ન મળ્યા હોય તે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના પ્રવેશ વિભાગનો સંપર્ક કરવો તથા જુના વિદ્યાર્થીઓના ઓફર લેટર ન મળવાનો કારણે પ્રવેશ ન થયા હોય તેમને ઓફર લેટર યુનિવર્સિટી ખાતેથી મેળવી જરૂરી ફોર્મ ફી સાથે ભરી દેવું. તા.24-03-2007 પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી તેની નોંધ લેવી.

## પરીક્ષા વિભાગ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની પ્રણાલી મુજબ વર્ષમાં બે વાર લેવાનાર પરીક્ષા નિયત કેન્દ્ર પર યોજે છે.

1. ઓકટોબર-2006માં લેવાયેલ CCC ની પરીક્ષાનું પરિણામ તા.22-01-2007ના રોજ જાહેર કરવામાં આવે છે.
2. ગત વર્ષે લેવાયેલ CIJM અન CHIV ની પરીક્ષાનું પરિણામ તા.24-02-2007ના રોજ જાહેર કરવામાં આવેલ છે.
3. CCC પરીક્ષાના સ્ટેટમેન્ટ ઓફ માર્કસ દરેક વિદ્યાર્થીઓને તેમના ઘરના સરનામે મોકલી આપવામાં આવેલ છે.
4. નીચેના કોર્ષના સર્ટીફીકેટ વિદ્યાર્થીઓને મોકલી આપેલ છે.

| ક્રમ નં. | કોર્ષ | વર્ષ |
|---|---|---|
| 1. | CPCS, CCCD ,CMT,CTM, CFN,CTE,CIC | જાન્યુ-2004 |
| 2. | CCCD,CMT,CFN,CTE, CPCS,CIC | જુલાઈ-2004 |
| 3. | CCCD,CMT,CFN,CTM | ફેબ્રુઆરી-2005 |

ડિસેમ્બર- 2006 માં લેવાયેલ તમામ પરીક્ષાના પરીણામ જાહેર થઈ ગયેલ છે.સદર પરીણામ વેબ સાઈટ પર મૂકવામાં આવેલ છે. CCC ના સર્ટિફિકેટ જે તે કેન્દ્રને મોકલી આપવામાં આવેલ છે તો વિદ્યાર્થીઓએ મેળવી લેવા. CIC પરીક્ષાના પ્રમાણપત્રો ટૂંક સમયમાં જે તે કેન્દ્રોને મોકલી આપવામાં આવેલ છે

ઓગસ્ટ-2006 ના પ્રવેશ વિદ્યાર્થીઓની પરીક્ષા 25-03-2007 થી શરૂ થયેલ છે.જેનો વિગતવાર કાર્યક્રમ તમામ અભ્યાસકેન્દ્રો પર મોકલવામાં આવેલ છે અને યુનિવર્સિટીની વેબ સાઈટ પર મુકવામાં આવેલ છે.

## MSW અભ્યાસક્રમ અંગે...

<u>ઓપ વર્ગ (પાટણ,વડોદરા)</u>

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નાં MSW (સમાજકાર્ય પારંગત) પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓપ.વર્ગનું આયોજન પાટણ ખાતે તા. 06-12-06 થી તા. 11-12-06 સુધી અને વડોદરા ખાતે તા. 14-12-06 થી તા. 20-12-06 સુધી કરવામાં આવ્યુ હતું.

પાટણ ખાતે તા.06-12-06 થી તા.11-12-06 સુધીનાં ઓપ.વર્ગમાં બનાસકાંઠા, સાબરકાંઠા,પાટણ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લાનાં વિદ્યાર્થીઓ હાજર રહયા હતા પાટણ ખાતેના ઓપ.વર્ગનુ ઉદ્‌ઘાટન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનાં કાર્યકારી કુલપિતશ્રી ર્ડા. પી.એ પ્રજાપતિ ના વરદ્ હસ્તે કરવામાં આવ્યુ હતું. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ડેપ્યુટી રજિસ્ટારશ્રી દિનેશભાઈ પટેલ, MSW વિભાગનાં અધ્યાપકશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.આ ઓપ.વર્ગનાં

પૂર્ણાહૂતિ કાર્યક્રમ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનાં ડેપ્યુટી રજિસ્ટ્રારશ્રી દિનેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો.

પાટણ ખાતે ઓપ.વર્ગમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ.ચંદ્રગુપ્ત સાંનન(અમદાવાદ),ડૉ.રમેશભાઈ વાઘાણી (રાજકોટ),ડૉ.વિનુભાઈ પટેલ (અમદાવાદ),ડૉ.અશોકભાઈ પટેલ, (અમદાવાદ), ડૉ. ટી.આર.હાથી (પેટલાદ), સુશ્રી તેજલબેન અધ્વર્યુ(અમદાવાદ), શ્રી જે.ડી.ડામોર(પાટણ) અને શ્રી રોશનભાઈ અગ્રવાલ (પાટણ) ને વિદ્યાર્થીઓને જુદાં-જુદાં વિષય અનુરુપ પરામર્શન કરી માહિતી આપી હતી.

વડોદરા ખાતે તા. 14-12-06 થી તા.20-12-06 સુધીનાં ઓપ.વર્ગમાં ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, નર્મદા, ભરુચ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.આ ઓપ.વર્ગના વિષય નિષ્ણાત તરીકે વડોદરાનાં એમ.એસ.યુનિ. ફેકલ્ટી ઓફ સોશ્યલ વર્કનાં નિવૃત ડિન પ્રો. અનિલ નાવલે, ડૉ. મગનભાઈ પરમાર, ડૉ. જગદીશભાઈ સોલંકી, ડૉ. ઈલાબેન રાવલ, ડૉ. લીનાબેન મહેતા, ડૉ. છાયાબેન પટેલ, સુશ્રી ભાવનાબેન મહેતા, સુશ્રી મોનાબેન નારગોલવાલા અને શ્રી સુનિલ કરકરે વિદ્યાર્થીઓને જુદાં-જુદાં વિષયને અનુરૂપ પરામર્શન કરી માહિતી આપી.

**સેટેલાઈટ દ્વારા પરામર્શન :**

MSW વિદ્યાર્થીઓને સેટેલાઈટ દ્વારા પ્રત્યક્ષ શિક્ષણ વિષય નિષ્ણાંત ડૉ.ચંદ્રગુપ્ત સાનન (અમદાવાદ), શ્રી નિનાદ ઝાલા (આણંદ), ડૉ. અશોકભાઈ પટેલ અને સુશ્રી તેજલબેન અધ્વર્યુ દ્વારા જાન્યુઆરી-2007માં તા. 7,20,21 અને ફેબ્રુઆરી-2007માં તા.4 અને 11ના રોજ 12-00 થી 2-00 કલાક સુધી 62 કેન્દ્રો પર સેટેલાઈટ દ્વારા સમાજકાર્યનું શિક્ષણ આપવામાં આવ્યુ હતુ.

**ફિલ્ડવર્ક :**

MSW ના 247 વિદ્યાર્થીઓને ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ફિલ્ડવર્ક કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે સ્વૈ. સંસ્થાની મંજૂરી આવ્યા બાદ વિદ્યાર્થીઓને ફિલ્ડમાં મોકલવામાં આવશે.

## યુનિવર્સિટીનો પ્રચાર-પ્રસાર અંગેનો કાર્યક્રમ...

યુનિવર્સિટીની શિક્ષણ પદ્ધતિ,તથા ચાલતા અભ્યાસક્રમોનો બહોળો પ્રસાર-પ્રચાર થાય તે માટે તા.10-02-2007 ના રોજ અંગ્રેજી ભવન,સૌરાષ્ટ યુનિવર્સિટી રાજકોટ ખાતે માનનીય કુલપતિશ્રી અવધેશકુમાર સિંહની અધ્યક્ષતામાં મીટીંગ રાખવામાં આવેલી.જેમાં સૌરાષ્ટની સ્વૈચ્છિક સંસ્થાના વડાઓ,જૂના કેન્દ્રોના સંયોજકશ્રીઓ તથા ફેબ્રુઆરી-2007 થી શરુ થયેલ નવા કેન્દ્રોના વડાઓ હાજર રહયા હતા.જેમાં યુનિવર્સિટીના પ્રાધ્યાપક દશરથ જાદવે દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ વિશે તથા ચાલતા અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી.તથા માનનીય કુલપતિશ્રીએ પ્રસાર-પ્રચારની આવશ્યકતા તથા લોકો સુધી યુનિવર્સિટીને લઈ જવા માટે શુ શુ કરવાની જરૂર છે તે અંગે ચર્ચા કરી હતી.મીટીંગમાં ઉપસ્થિત સૌએ પ્રચાર-પ્રસાર માટેના જરુરી સૂચનો કર્યા હતા.મીટીંગની સઘળી વ્યવસ્થા તથા કાર્યક્રમનું સંચાલન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્રના ઈ/ચા. નિયામક અને અંગ્રેજી ભવનના વડા ડૉ. કમલભાઈ મહેતાએ કર્યુ હતું.

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અંગે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

| | | |
|---|---|---|
| 1. | માસ્ટર ઓફ સોશીયલ વર્ક | MSW |
| 2. | બેચરલ ઓફ આર્ટસ,સંસ્કૃત | CFCP-1&2 |
| 3. | બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ | BLIS |
| 4. | સર્ટીફીકેટ કોર્સ ઈન આંબેડકર લીટરેચર એન્ડ થોર્ટ | CALT |
| 5. | કોમ્પ્યુટર અભ્યાસક્રમ | CCC+ |
| 6. | માસ્ટર ઓફ વેલ્યુએશન | MVRE |
| | | MVPM |

ઉપરોકત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાયકાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું .આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષ્યના નિષ્ણાતોને સોંપવામાં આવી.

## સેટેલાઈટ પરામર્શન...

દૂરવર્તી શિક્ષણ પદ્ધતિમાં જે તે અભ્યાસક્રમમાં નિયત કરેલા કલાકોમાં અભ્યાસકેન્દ્ર ઉપર તથા સેટેલાઈટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવે છે. યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં જોડાયેલા વિદ્યાર્થીઓને અભ્યાસકેન્દ્ર પર પરામર્શનનો લાભ મળે છે. પરંતુ કેટલાક અભ્યાસક્રમોમાં વિષય નિષ્ણાતો તમામ કેન્દ્રો પર ઉપલબ્ધ ન હોવાના કારણે પ્રત્યક્ષ શિક્ષણ સેટેલાઈટ દ્વારા યુનિવર્સિટી પુરૂં પાડે છે. યુનિવર્સિટીના ૬ર કેન્દ્રો પર સેટેલાઈટ દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ ગોઠવી છે. વિવિધ અભ્યાસક્રમોના તજજ્ઞો દ્વારા ગુજરાતભરના વિદ્યાર્થીઓને લાભ મળે છે. જેમાં અનુસ્નાતક અભ્યાસક્રમમો, કોમ્પ્યુટર વિષયક અભ્યાસક્રમો તથા આરોગ્ય વિષયક અભ્યાસક્રમો વગેરેનો તબકકાવાર કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે.

આ પરામર્શનની ખાસ વિશેષતા એ છે કે અંતરિયાળ ગામડાંઓના વિદ્યાર્થીઓને પણ પોતાના અભ્યાસક્રમના નામાંકિત તજજ્ઞો પાસેથી શિક્ષણ મેળવે છે. તેમજ પોતાને વિષય સંદર્ભે મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ લાવી શકે છે. અને તે માટે યુનિવર્સિટીએ તમામ કેન્દ્રો પર ફોનની સુવિધા પણ ઉભી કરેલ છે.જેને પરિણામે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ મળ્યું હોય તેવી અનુભૂતિ થાય છે. આગામી સમયમાં સેટેલાઈટ દ્વારા જે પરામર્શન સત્રો ગોઠવવાના છે તેની વિગત નીચે મુજબ છે. તો દરેક કેન્દ્ર પર વિદ્યાર્થીઓ તેનો લાભ લે તે માટે કેન્દ્રએ આ કાર્યક્રમ નોટીસ બોર્ડ પર મૂકવો જેથી વિદ્યાર્થીઓને તેની જાણ અગાઉ થાય અને તે ભાગ લઈ શકે.

### કાર્યક્રમ

| માસ/તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ફેબ્રુઆરી | | |
| તા.04-02-07 | 12.00 થી 02.00 | સામુદાયિક સંગઠન (MSW અભ્યાસક્રમ) |
| તા.11-02-07 | 12.00 થી 02.00 | ગુજરાતમાં સમાજકાર્યની પરંપરા (MSW અભ્યાસક્રમ) |
| તા.18-02-07 | 10.00 થી 02.00 | M.A..Eng. (MEG-1) |
| તા.25-02-07 | 10.00 થી 02.00 | M.A..Eng. (MEG-1) |
| માર્ચ | | |
| તા.11-03-07 | 10.00 થી 02.00 | M.A..Eng. (MEG-1) |
| તા.18-03-07 | 10.00 થી 02.00 | M.A..Eng. (MEG-1) |
| તા.25-03-07 | 10.00 થી 02.00 | M.A..Eng. (MEG-1) |

તા.01-02-2007ના રોજ " તુલનાત્મક સાહિત્ય " વિષય પર સાંજે 03-00 થી 04-00ના સમય દરમ્યાન શ્રી સ્વયન મજમદાર - નિવૃત પ્રાધ્યાપક, કલકત્તા (પશ્ચિમ બંગાળ) ની હાજરીમાં સેટેલાઈટ પર એક કાર્યક્રમ યોજાઈ ગયો.

જેમાં શ્રી મજુમદાર દ્વારા તુલનાત્મક સાહિત્ય ને ખૂબજ રસપ્રદ અને માહિતી સભર રીતે રજૂ કરવામાં આવેલ.કાર્યક્રમ યુનિવર્સિટીના M.A.Eng અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને મદદરૂપ થાય તેવી રીતે રજૂ થયો હતો.

## રેડિયો કાર્યક્રમ...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પોતાના વિવિધ અભ્યાસક્રમો અંગેનું પરામર્શન કરવા માટે રેડિયો માધ્યમનો પણ ઉપયોગ કરે છે. યુનિવર્સિટી દર માસના ચોથા રવિવારે સાંજે 16.00 થી 17.00 કલાક એટલે કે એક કલાક વિવિધ અભ્યાસક્રમોમાં નકકી કરેલ અભ્યાસક્રમ અંગે વિષય નિષ્ણાત દ્વારા જીવંત વાર્તાલાપ યોજવામાં આવે છે.

આકાશવાણીનો આ જીવંત પ્રસારણનો લાભ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જ નહીં પરંતું અભ્યાસક્રમ સંદર્ભે સમાજની અન્ય વ્યક્તિઓ જે જોડાયેલ છે તેમને પણ મળે છે. આરોગ્ય વિષયક, કોમ્પ્યુટર કે સ્ત્રી સશક્તિકરણ અંગેના જીવંત પ્રસારણમાં ગુજરાતભરમાંથી વિદ્યાર્થીઓ અને અન્ય રસ ધરાવતા લોકો ફોનના માધ્યમથી અનેક પ્રકારના પ્રશ્નો પૂછી વિષયનું સમાધાન મેળવે છે. આમ યુનિવર્સિટી રેડિયો કાર્યક્રમ દ્વારા યુનિવર્સિટીના અભ્યાસક્રમોને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવામાં સફળ થઈ છે.

| તારીખ | વિષય | વિષય નિષ્ણાંત |
|---|---|---|
| તા.25-02-07 | સર્ટિફિકેટ ઈન નેચરોપેથી | ડૉ.જીતુભાઈ પંચાલ |
| તા.25-03-07 | સર્ટિફિકેટ ઈન યોગ વિજ્ઞાન | ડૉ. વિક્રમ ઉપાધ્યાય |

## પ્રાયોગિક કાર્ય...

આરોગ્ય અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના પ્રાયોગિક કાર્ય બાબત :

1. ડિપ્લોમા ઈન રૂરલ હેલ્થ (DVHW)
2. ડિપ્લોમા ઈન મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર (DMCH)
3. સર્ટિફિકેટ ઈન સુવાવડ સહાયક (CTBA)
4. સર્ટિફિકેટ ઈન પેરન્ટહુડ (CCBP)

CTBA અભ્યાસક્રમના કુલ 44 વિદ્યાર્થીઓનુ પ્રાયોગિક કાર્ય ડૉ. રસીકલાલ શાહ,સાર્વજનિક હોસ્પીટલ મોડાસા,જીલ્લો- સાબરકાંઠા મુકામે યોજેલ જે પૂર્ણ થયેલ છે.હાલ DMCH અભ્યાસક્રમના 87 વિદ્યાર્થીઓનુ પ્રાયોગિક કાર્ય તા.01-02-2007થી શરૂ કરવામાં આવેલ છે. જે મે-07 સુધી ચાલનાર છે.પ્રાયોગિક કાર્ય અંગે યુનિવર્સિટીના વિષય નિષ્ણાત ડૉ. લીલાબેન ત્રિવેદી અને ડૉ. બકુલ લેઉવાના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ છે તથા DVHW અભ્યાસક્રમના 189 વિદ્યાર્થીઓના પ્રાયોગિક કાર્ય અંગેનુ આયોજન હાલ હાથ પર છે જે પૂર્ણ થયે ટૂંક સમયમાં વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્યના સ્થળની જાણ કરવા માં આવશે.

## અભ્યાસકેન્દ્રો તરફ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અત્યારે ગુજરાતના તમામ જિલ્લાઓને આવરી લઈ 256 અભ્યાસકેન્દ્રો/પ્રો.કેન્દ્રો દ્વારા સમગ્ર ગુજરાતમાં દૂરવર્તી શિક્ષણ પુરું પાડી રહી છે. દરેક સંસ્થાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધા અનુસાર જે તે કેન્દ્ર પર અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપવામા આવેલ છે.

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષ થી 166 કેન્દ્રોની મંજૂરી આપવામાં આવેલ છે.તેની સ્થળ તપાસ યુનિવર્સિટી દ્વારા હાલ હાથ ધરવામાં આવેલ છે.જેમાં જીલ્લા પ્રમાણે યુનિ. ના જુદા જુદા અભ્યાસકેન્દ્રો નો રીવ્યુ કમિટી દ્વારા રીવ્યુ કરવામાં આવી રહયો છે.હાલ જ્ઞાનગંગા ના પ્રકાશન સમયે કુલ 65 કેન્દ્રોનો રીવ્યુ પૂર્ણ થયેલ છે.જેમાં રાજકોટ,જામનગર,જૂનાગઢ, અમદાવાદ, પંચમહાલ, સુરેન્દ્રનગર, ભાવનગર જીલ્લાઓના તમામ કેન્દ્રો/ સંસ્થાઓનો સમાવેશ થાય છે.ઉપરાંત બનાસકાંઠા જીલ્લાના અમુક સ્થળોને પણ હાલ આવરી લેવાનો કમિટી દ્વારા પ્રયત્ન કરવામાં આવેલો છે.કેન્દ્રો/સંસ્થોના Review/LIC અંગેની કામગીરી માં રોકાયેલ સભ્યશ્રીઓ ની સકારાત્મક કામગીરી અંગે પણ આ પ્રસંગે તેઓ શ્રીઓની યુનિવર્સિટી આભારી છે.

(૨) આ સાથે જુદી જુદી કોલેજો,સંસ્થાઓ કે ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીનું કેન્દ્ર મેળવવા કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે આજ સમય દરમ્યાન સદર સંસ્થાઓની LIC અંગનુ કામ પણ સમાંન્તર ચાલી રહેલ છે જેમાં હાલ 24 સંસ્થાઓને ફેબ્રુઆરી-2007ના સત્રથી યુનિવર્સિટી ના કેન્દ્ર તરીકે સમાવવામાં આવેલ છે. તથા તઓને LIC કમિટીના રીપોર્ટ મુજબના અભ્યાસક્રમો ફાળવવામાં આવેલ છે. આ નવી સંસ્થાઓની યાદી અભ્યાસકેન્દ્ર કોડ અને ફાળવેલ અભ્યાસક્રમોની વિગત સાથે નીચે મુજબ છે.

દૂરવર્તી શિક્ષણ આપનાર યુનિવર્સિટી અને લેનાર વિદ્યાર્થી વચ્ચે ચાવીરૂપ ભૂમિકા અભ્યાસકેન્દ્ર/પ્રોગામકેન્દ્રએ ભજવવાની હોય છે. વિદ્યાર્થી સહાય સેવા જે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે તે કેન્દ્ર મારફત જ વિદ્યાર્થીને મળે છે. જેમાં અભ્યાસસામગ્રી, સ્વાધ્યાયકાર્ય, પરામર્શન, પ્રેક્ટીકલ અને પરીક્ષા વગેરે તમામ વિદ્યાર્થી સહાય સેવામાં કેન્દ્રની ભૂમિકા વધુ છે. યોગ્ય સમયે જે સેવા /માહિતી વિદ્યાર્થીને જોઈએ તે આપવાની જે તે કેન્દ્રના સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીની જવાબદારી બને છે. જેને માટે યુનિવર્સિટીની વિદ્યાર્થી સહાય સેવા અંતર્ગત તમામ બાબતોની માહિતી કેન્દ્રએ યુનિવર્સિટીમાંથી મેળવી લેવી જોઈએ. યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો જે તે સંસ્થાએ કરેલ

દરખાસ્તથી તથા યુનિવર્સિટીના તમામ નિયમોનું પાલન કરવાની સંમિતથી ચાલે છે તથા કેન્દ્ર પર જે સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જની નિમણૂક થાય છે તે પણ સંસ્થાની ભલામણને આધારે કરવામાં આવે છે તેથી દરેક સંયોજક/પ્રોગામ ઈન્ચાર્જશ્રીએ પોતાની નૈતિક જવાબદારી સમજી 'વિદ્યાર્થી સહાય સેવા' વિદ્યાર્થીને સમયસર સાચી મળી શકે તે જોવું જોઈએ. અભ્યાસકેન્દ્ર ખાતે યુનિવર્સિટીને વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ નિયત કરેલ ખંડસમયનું મહેકમ આપવામાં આવે છે. આ ખંડસમયના મહેકમમાં જયારે પણ કોઈ ફેરફાર થાય(નામમાં) ત્યારે તુરત જ યુનિવર્સિટીને જાણ કરવાની થાય છે તો તે અંગે કેન્દ્રએ સમયસર યુનિવર્સિટીને જાણ કરવી.

દરેક કેન્દ્રના સંયોજક/ પ્રો.ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે અભ્યાસસામગ્રી માટે તથા પ્રવેશ ફોર્મ માટે યુનિવર્સિટીએ અલાયદી વ્યવસ્થા નીચેના સરનામે તથા ફોન નંબરે ગોઠવેલ છે. જયાં યુનિવર્સિટીના જવાબદાર અધિકારી હાજર હોય છે. તો તેમનો સંપર્ક કરવાનો રહેશે.ઉપરાંત યુનિવર્સિટીના કેન્દ્રો અને સંસ્થાઓ જેઓએ કેન્દ્ર મેળવવા દરખાસ્ત કરેલ છે તેઓ ના Review/LIC અંગેની કામગીરી હાલ ચાલુ જ છે અને સમિતિ સભ્યોની મદદથી તે ટૂંક સમય માંજ પૂર્ણ કરવામાં આવનાર છે તેથી જેઓ ને ત્યાં Review/LIC ની કામગીરી હજી બાકી છે તેઓ ને હાલ ધૈર્ય રાખી યુનિવર્સિટી ને મદદરૂપ થવા વિનંતી.

## પરિસંવાદ, પ્રતિનિધિત્વ અને અન્ય...

(1) તા.6,7,જાન્યુઆરી-2007 ના રોજ સાને ગુરુજી રાષ્ટ્રીય સ્મારક ટસ્ટ આયોજિત ત્રીજા આંતર ભારતી સાહિત્ય સંવાદ , મુંબઈ ખાતે યોજાઈ ગયો. જેમાં યુનિવર્સિટીના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક જાદવ દશરથભાઈ જી.એ હાજરી આપી હતી.અને સંવાદ પરિસંવાદ માં ભાગ લીધો હતો.

(2) Dec.19-21 દરમ્યાન ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU),New Delhi ખાતે સ્ટાફ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા રિસર્ચ પ્રોજેક્ટ અંગે ત્રણ દિવસીય સેમીનારનું આયોજન કરેલ હતું. સદર સેમીનારમાં યુનિવર્સિટીના ડૉ. કુસુમબેન શર્મા અને દિલીપભાઈ કાતરીયાએ હાજરી આપી હતી.

(3) તા. 8-10 Feb. દરમિયાન પંજાબ યુનિવર્સિટી,ચંદીગઢ (પંજાબ) ખાતે INFLIBNET દ્વારા આયોજીત "5th International CALIBER 2007 Conventional on Information and knowledge in Network world" માં યુનિવર્સિટીના ગ્રંથપાલ ચેતના શાહે હાજરી આપી હતી.

(4) બી.એડ અને એમ.એડ અભ્યાસક્રમ અંગે ભોપાલની મુલાકાત.

આ યુનિવર્સિટી દ્વારા શરૂ થનાર અભ્યાસક્રમ માટે એન.સી.ટી.ઈ ની મંજુરી લેવા અંગે આ અગાઉ યુનિ. દ્વારા અરજી કરવામાં આવી હતી.ઘણો સમય થવા છતાં W.R.C, NCTE, ભોપાલ દ્વારા કોઈ પ્રતિભાવ ન મળતા તેમજ અભ્યાસક્રમ શરૂ કરવા માટેની અભ્યસ સામગ્રી તૈયાર થઈ ગઈ હોવાથી NCTE, ની ટીમ સત્વરે સંસ્થાની મુલાકાત ગોઠવેલ તે માટેની રજૂઆત કરવા માટે યુનિ. ના ઈન્ચાર્જ નિયામકશ્રી ર્ડા. મુલીયા ભોપાલની રૂબરૂ મુલાકાત લીધી હતી.ત્યાંના અધિકારીઓ સાથે જરૂરી વાતચીત તેમજ સ્પષ્ટતાઓ કરતાં અધિકારીઓએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને નજીકના ભવિષ્યમાં અભ્યાસક્રમ શરૂ કરવા માટે એન.સી.ટી.ઈ. ની ટીમ યુનિવર્સિટીની મુલાકાત લેનાર છે.

## પ્રાસંગિક...

### પ્રજાસત્તાક દિન તા. 26 જાન્યુઆરી- 2007ની ઉજવણી

તા. 26-01-2007ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને આર.સી.ટેકનિકલ ઈન્સ્ટીટયૂટ અમદાવાદના સંયુકત ઉપક્રમે આર.સી.ટેકનિકલ ઈન્સ્ટીટયૂટના પરિસરમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં માનનીય કુલપતિશ્રી ડૉ. અવધેશકુમાર સિંહે રાષ્ટ્રિય ધ્વજ ત્રિરંગાને લહેરાવી N.C.C. કેડેટના જવાનોની સલામી ઝીલી હતી.કાર્યક્રમમાં આર.સી.ટેકનીકલ ઈન્સ્ટિટયૂટના પ્રિન્સીપાલશ્રી પટેલ સાહેબે એ ઈન્સ્ટીટયૂટ વિશેનો ટૂંકમાં પરિચય આપ્યો હતો તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું મુખ્ય કાર્યાલય તેમના કેમ્પસમાં આવતા સ્વાગત કર્યુ હતું.માનનીય કુલપતિશ્રી એ તેમના પ્રવચનમાં દેશભકિત અને સમાજભકિત વિશે વાત કરતા કહયુ હતુ કે આપણને જે કામગીરી સોંપવામાં આવી છે તે દરેક કર્મચારીઓ પોતાની જવાબદારી સમજી નિષ્ઠાપૂર્વક કરશે તો તે દેશભકિત ગણાશે.કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજીસ્ટારશ્રી, નિયામકશ્રી, ઓફિસર્સ તથા બંને ઈન્સ્ટીટયુટના પ્રાધ્યાપકો તથા અન્ય કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા N.C.C. ના જવાનોએ પરેડ કરી કાર્યક્રમને વિશેષ બનાવ્યો હતો.

### સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની વૈચારિક ઉજવણી :-

તા.14-01-2007ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને કુલપતિશ્રીની ચેમ્બરમાં એક સ્વામી વિવેકાનંદ જીવન કથન પર વૈચારિક ગોષ્ઠિ થાય તે માટે કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં યુનિવર્સિટીના વ્યાખ્યાતાશ્રીઓ અને પ્રોજેક્ટ ઓફિસરશ્રીઓ હાજર રહયા હતા.

સાંપ્રત કાળમાં વિવેકાનંદશ્રીના વિચારો અને કાર્યપધ્ધતિની યોગ્યતા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વિવેકાનંદજી અને ભારતીય સંસ્કૃતિ, ધર્મ, સામાજિક વ્યવસ્થા, સ્ત્રી શિક્ષણ વગેરે વિષયો પર વકતવ્ય આપ્યુ હતુ જેમાં યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓએ ભાગ લીધો હતો.

| | |
|---|---|
| (1) શ્રી દિલીપભાઈ કાતરીયા | (5) ડૉ. કુસુમબેન શર્મા |
| (2) શ્રી દશરથભાઈ જાદવ | (6) શ્રી વિકેશભાઈ ચૌહાણ |
| (3) ડૉ. ધવલભાઈ પંડયા | (7) શ્રી ભાવિનભાઈ ત્રિવેદી |
| (4) કુ. ધાર્મિનીબહેન મહેતા | (8) શ્રીમતી માર્ગીબેન વચ્છરાજાની |

તમામના વકતવ્યમાં વિવેકાનંદજીના જન્મથી લઈને અંત સુધી તેમને કરેલ વિવિધ ક્ષેત્રોની કામગીરીને યાદ કરી બિરદાવી તેને અમલીકરણ કરવા પર ભાર મૂકયો હતો. તમામના વિચારોને સાંભળ્યા બાદ માનનીય કુલપતિશ્રીએ સારાંશ રુપ વિવેકાનંદજીના વિચારોને આવરી લઈને વકતવ્ય આપ્યુ હતુ કે વિવેકાનંદજી એ હિન્દુ ધર્મમાં તે સમયમાં પ્રસરી ગયેલી રૂઢિઓ સામે ધર્મયુધ્ધ આરંભ્યુ હતું.સમગ્ર સમાજને ઉપમુડુંકતામાંથી નીકળીને સમાજના નાનાં નાનાં વર્ગ એવા ગરીબો માટે કામ કરવાની હાકલ કરી હતી.કુલપતિશ્રીએ વિવેકાનંદજીના પશ્ચિમી વિચાર દર્શન સાથે ભારતીય જ્ઞાનનો સમન્વયતામાં પ્રતિનિધિરૂપે ગણાવ્યા હતા. જેમાં વિવેકાનંદ માત્ર સારા વિચારો કહેતા જ ન હતા પણ સામાન્ય માણસ તેનુ અમલ કરી શકે તેવો પ્રયત્ન પણ સખત કરતા હતા. જે આજના સમયની તાતી જરુરિયાત છે.આજના સમયમાં તેઓના વિચારો તેટલાં જ માર્ગદર્શક છે તેમ જણાવી બેઠકની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.અહીં એક બાબત નોંધનીય હતી કે યુનિવર્સિટીએ વિવેકાનંદજીની

છબીને માત્ર ફૂલહાર કરીને જન્મજયંતિ ન ઉજવતા તેમના વિચારો અને કાર્યની ચર્ચા કરી વૈચારિક ઉજવણી કરી હતી.

**સાઉથ એશિયા ફાઉન્ડેશન સ્કોલરશીપ (SAF) :-**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાઉથ એશિયા ફાઉન્ડેશન, નવી દિલ્હીના સહયોગથી દર વર્ષે માસ્ટર ડીગ્રી,ડિપ્લોમા અને પી.જી ડિપ્લોમા અભ્યાસક્રમના જરુરિયાત મંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરે છે. જે અન્વયે વર્ષ 2006-07 ની સ્કોલરશીપ મેળવવા માટે યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓને તા. 24 અને 25 જાન્યુઆરી- 2007ના રોજ યુનિવર્સિટીના વડા મથક ખાતે 1563વિદ્યાર્થીઓને મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા હતા.પસંદગી પામેલ 200 (બસો) વિદ્યાર્થીઓના ફોર્મ SAF સ્કોલરશીપ મંજૂરી માટે મોકલી આપવામાં આવેલ છે.જેમાં 195 વિદ્યાર્થીઓ ફ્રેશ અને 5 (પાંચ) Previous વિદ્યાર્થીઓનો સમાવેશ થયેલ છે.

**HIV / AIDS**

INP+ ( Indian Network of People Living with HIV/AIDS ) ના સહયોગથી GSNP+ ( Gujarat State Network of People Living with HIV/AIDS ના જીલ્લા સ્તરીય પ્રતિનિધિઓ માટેના ત્રણ દિવસનો વર્કશોપ તથા કન્સલ્ટેશન કાર્યક્રમ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ જેમાં યુનિવર્સિટીના ડૉ. ધવલ પંડયા દ્વારા કી રીસોર્સ પર્સન તરીકેની ભૂમિકા ભજવવામાં આવેલ.

આમ NACO (NATIONAL AIDS CONTROL ORGANIZATION ) ના મુખ્ય ચાર હેતુઓ

1. એડવોકસી ઓન ટ્રિટમેન્ટ એક્સેસ પરની તાલીમ
2. ટ્રિટમેન્ટ એક્સેસ પરનું રાજય સ્તરીય કન્સલ્ટેશન
3. પ્રોઝીટીવ પ્રિવેન્શન પરની રાજય સ્તરીય તાલીમ
4. GIPA (Greater Involvement of People Living with HIV/AIDS)

પરંતુ રાજય સ્તરીય કન્સલ્ટેશન સંદર્ભના કાર્યક્રમો માં ડૉ. ધવલ પંડયા દ્વારા પશ્ચિમ ભારતના રાજયો રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ તથા ગોવા ) માં કી રીસોર્સ પર્સન તરીકેની ભૂમિકા ભજવવામાં આવેલ તથા ઉપરોકત હેતુઓ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.

## સેમિનાર...

(1) સ્વ-અધ્યયન અભ્યાસસામગ્રી માટે યોજાયેલી કાર્યશાળા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા-19/20 ફેબ્રુઆરી 2007 ના રોજ ગુજરાત રાજય આરોગ્ય અને કલ્યાણ સંસ્થા,સોલા ના કોન્ફરન્સ હોલમાં સ્વ- અધ્યયન અભ્યાસસામગ્રી ઉપર બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યુ આ કાર્યશાળાના મુખ્ય ઉદેશ આપણાં વિવિધ અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી લખનાર તજજ્ઞોશ્રીઓની તથા નવા આવનાર અભ્યાસક્રમોમાં અભ્યાસસામગ્રી તૈયાર કરનાર તજજ્ઞોશ્રીઓની ગુણવત્તામાં સુધારો લાવવાનો હતા જેથી વિદ્યાર્થીને ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસસામગ્રી મળી રહે. આ કાર્યશાળામાં સર્વ તજજ્ઞોઓને તાલીમ આપવા માટે ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી સંસ્થા સ્ટાફ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ નિયામકશ્રી પ્રોફેસર પી.આર.રામાનુઝ સાહેબ આવ્યા હતા. આ કાર્યશાળામાં વિવિધ ક્ષેત્રો જેવા કે પેરામેડિકલ,ભાષા,સામાજિક વિજ્ઞાનો,લાયબ્રેરી,યોગ અને કોમ્પ્યુટર જેવા ક્ષેત્રના કુલ ૪૮ જેટલા વિદ્વાનો એ ભાગ લીધો હતો.આ કાર્યશાળાનું ઉદ્‌ઘાટન ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રો.વાઈસ ચાન્સલર પી.કે.મહેતાએ કર્યુ હતુ તેમને પોતાના ઉદ્‌ઘાટનીય વકતવ્યમાં સ્વ-અધ્યયન સામગ્રીમાં વિકાસમાં રહેલી વિષેશતા અંગે માહિતી આપી હતી.ઉદ્‌ઘાટન ક્ષેત્રમાં માન્ય કુલપતિશ્રીએ તજજ્ઞોને અનુરોધ કર્યો હતો કે યુનિવર્સિટી દરેક અભ્યાસસામગ્રી ફરીથી એડીટીંગ કરવા માગે છે.

આપ સર્વ આ વર્કશોપમાં આવનાર ટ્રેનરશ્રીને લાભ લેવા અનુરોધ કર્યો હતો.આ કાર્યશાળામાં આ તજજ્ઞોને પ્રોફેસર રામાનુઝ સાહેબ સ્વ-અધ્યયન સામગ્રીને વિશેષતા તેમજ તેમને તૈયાર કરવાની તેમજ તેના અંગે ટ્રેનીંગ આપી હતી. આ વર્કશોપમાં આવેલા તજજ્ઞોશ્રી અલગ-અલગ વિષય ક્ષેત્રમાં વહેંચાઈને અભ્યાસસામગ્રીના એકમોનુ નિર્માણ કરી તેનુ પ્રેઝન્ટેશન તૈયાર કર્યુ હતુ.તેમાં પ્રોફેસર રામાનુઝ સાહેબે જરૂરી સુધારણા માટેના સૂચનો કર્યા હતા અંતે વર્કશોપની પુર્ણાહૂતી ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના ગુજરાત પ્રાદેશિક કેન્દ્રના નિયામકશ્રી ડૉ. કલ્પનાબેન મિશ્રાએ તજજ્ઞોને સ્વ-અધ્યયન સામગ્રીમાં ગુણવત્તા સુધારવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ વર્કશોપમાં સંયોનક તરીકે યુનિવર્સિટીના ઈતિહાસ વિષયના વ્યાખ્યાતા દિલિપભાઈ કાતરિયાએ જવાબદારી સંભાળી હતી.

**(2) હિન્દી અને ગુજરાતી વિષયના પરામર્શકોની કાર્યશાળા**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. ના તમામ કેન્દ્રો પરના ગુજરાતી અને હિન્દી વિષયના પરામર્શકો માટેની એક કાર્યશાળા તા.24-02-2007 ના રોજ શ્રી ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કોલેજ,સોલા ખાતે થઈ ગઈ. જે કાર્યક્રમનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી અવધેશકુમાર સિંહે કર્યુ હતું.કાર્યશાળામાં દૂરવર્તી શિક્ષણમાં પરામર્શકોની ભૂમિકા અંગે એ માર્ગદર્શન આપ્યુ હતુ તથા સ્વા. કાર્ય મૂલ્યાંકન માં પરામર્શકોની ભૂમિકા અંગે યુનિવર્સિટીના પ્રાધ્યાપક દશરથ જાદવે માર્ગદર્શન આપ્યુ હતુ.

યુનિવર્સિટીના ગુજરાતી વિષયનુ પરામર્શન કેવી રીતે કરવું તે અંગેનું માર્ગદર્શન ડૉ. યોગેન્દ્ર વ્યાસે અને પ્રો. પ્રસાદ બ્રહ્મભટ્ટે આપ્યું હતુ. હિન્દી વિષયનું પરામર્શન કેવી રીતે કરવુ તે અંગેનું માર્ગદર્શન પણ આપ્યું હતું.

કાર્યક્રમના અંતે યુનિ. ના વ્યાખ્યાતા ડૉ. કુસુમ શર્માએ આભાર માન્યો હતો.આ એક દિવસીય કાર્યશાળાનુ સંચાલન પ્રા.દશરથ જાદવે કર્યુ હતુ.

**( 3 ) સોશીયલ સાયન્સ વિષયના પરામર્શકોની કાર્યશાળા**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.18-03-2007 ના રોજ The Role of Councellors in Distance Education પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કર્યુ.

આ સેમીનારમાં અભ્યાસકેન્દ્રો પરના ઈતિહાસ, રાજયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર,સોશીયોલોજી વિષયના પરામર્શકો યુનિવર્સિટીના વ્યાખ્યાતાશ્રીઓ,અધિકારીશ્રીઓ હાજર રહયા હતા.

આ સેમીનારનું મુખ્ય વકતવ્ય ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સીલ,ન્યુ દિલ્હીના ડાયરેકટર ડૉ.સ્વરાજ બાસુએ આપેલ .તેમણે તેના વકતવ્યમાં ટીચર અને કાઉન્સેલર વચ્ચેનો ભેદ દર્શાવેલ.કાઉન્સેલર એક

મિત્ર,એક શિક્ષક અને એક સાઈકયાટ્રીકસની ભૂમિકા ભજવીને વિદ્યાર્થી દ્વારા આવતી સમસ્યાનુ સમાધાન કરવાનું છે.ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સાધનોનો ઉપયોગ કરીને કાઉન્સેલીંગ કેવીરીતે કરવુ તે અંગે માહિતી આપી.

અધ્યક્ષીય વકતવ્ય પ્રો. એ.પી.સિંહ,માનનીય કુલપતિશ્રી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. અમદાવાદે આપેલ.તેમણે પોતાના વકતવ્યમાં જણાવેલ કે નોલેજ સોસાયટી ડેક બનશે.આર્ટસમાં માસ્ટર ડીગ્રી લેવલ ના કોર્સ ચાલુ થશે તેમ જણાવેલ.વધુમાં તેમણે સોશ્યલ સાયન્સના જુદા જુદા વિષયમાં આવેલ બદલાવ વિશે વાત કરી.તેમણે જણાવ્યુ કે કાઉન્સેલરે એક રીપોર્ટર,ડીલીવર, મિત્ર,શિક્ષક અને એક મંદિરના પુજારી તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે.

ડિપાર્ટમેન્ટ ઓફ સોશ્યોલોજી ગુજરાત યુનિ. અમદાવાદના ડૉ. ગૌરાંગ જાની એ તેમના વકતવ્યમાં જણાવ્યુ કે સોશીયલ સાયન્સ સમાજ સાથે સંકળાયેલ છે.માટે સોશીયલ સાયન્સ ને સમજવા માટે આપણે સમાજને અને એ સમાજ જયાં રહે છે તેવા વિસ્તારોને સમજવા પડશે કે જેથી કરીને આપણે તે વિષય પર ઉંડાણમાં અભ્યાસ કરી શકીએ.ટેકસની ભાષા,વિદ્યાથીના બોલચાલની ભાષાથી અલગ ન હોવી જોઈએ કે જેથી કરીને વિદ્યાર્થીને સમજવામાં મુશ્કેલી ઉભી થાય.તેમણે જણાવ્યુ કે જ્ઞાનનું આયોજન કરીને વિકસાવીને વિદ્યાર્થી સુધી પહોંચાડવાનુ કામ કાઉન્સેલરનું છે.કાઉન્સેલરે વિદ્યાર્થીની માનસીકતાને ધ્યાનમાં રાખીને તેની સમસ્યાઓ હલ કરવાનુ છે જે તે વિષયના જનરલ રેફરન્સ બુક,રોજ બરોજના સમાચાર પત્રોમા આવતી જે તે વિષય સંબંધિત માહિતીનુ પેપર કટીંગ કરી વિદ્યાર્થીને સમજાવવાની જવાબદારી કાઉન્સેલરની છે.

સાઉથ ગુજરાત યુનિ. ના ફોર્મલ પ્રો.વાઈસ ચાન્સેલર પ્રો. જે.જે.ભટ્ટે તેમના વકતવ્યમાં જણાવ્યુ કે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા માટે શું કરવું જોઈએ ? મોટીવેશન એ અધ્યાપન કાર્યથી આગળ છે જે તે વિષયને રસપ્રદ બનાવવા માટે કાઉન્સેલરે ક્ષેત્રના વિવિધ પાસાઓથી માહિતી સભર થવુ જોઈએ.યોગ્ય ઉદાહરણ સાથે યોગ્ય ભાષામાં વિદ્યાર્થી સમજી શકે તેવી રીતે રજૂઆત કરવી જોઈએ.વિષયની દૈનિક જીવનમાં શું ઉપયોગિતા છે તે જણાવવુ જોઈએ.દૈનિક ઘટનાઓ સાથે આપણા વિષયનુ શું મહત્વ છે,તે કેવીરીતે સંકળાયેલો છે તે જણાવવુ જોઈએ.વિદ્યાર્થીને પ્રશ્નો પુછીને તેમાંથી તે પ્રશ્ન પુછતો થાય તે રીતે તૈયાર કરવો જોઈએ.ઈલેકટ્રોનિક યુગમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કેવીરીતે પ્રશ્ન રજૂ કરવામાં મદદરૂપ થઈ શકીએ તે રીતે વિદ્યાર્થીને કાઉન્સેલરે તૈયાર કરવા જોઈએ.

ગુજરાત યુનિ., અમદાવાદના હેડ ઓફ ધ પોલીટીકલ સાયન્સના શ્રી શરમણ ઝાલાએ રાજયશાસ્ત્ર વિષયનુ પરામર્શન કેવીરીતે કરી શકાય તે અંગે માહિતી આપી હતી. બીજા વિશ્વયુધ્ધ પછી સામાજીક વિજ્ઞાનોના અભ્યાસક્રમનુ મહત્વ વધ્યુ તે અંગે સર્વ પરામર્શકોને માહિતી આપી હતી.

અંતમાં પ્રશ્નોત્તરીના કાર્યક્રમો દ્વારા જુદા જુદા પરામર્શકોએ રજૂ કરેલ પ્રશ્નોનો ડૉ. સ્વરાજ બાસુ અને માનનીય કુલપતિશ્રીએ ઉકેલ આપ્યો હતો.

## અભિમુખતા વિભાગ...

(1) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ફેબ્રુઆરી-2007ના શૈક્ષણિક સત્રથી સૌરાષ્ટ્ર રીજીયોનલમાં નવા શરુ થયેલ પ્રોગ્રામ કેન્દ્રો માટેનો અભિમુખતા કાર્યક્રમ તા.10-02-2007ના રોજ અંગ્રજી ભવન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે થઈ ગયો.જેમાં નવા શરુ થનાર કેન્દ્રોના વડાઓ ઉપસ્થિત રહયા હતા.કાર્યક્રમમાં યુનિવર્સિટીના પ્રાધ્યાપક દશરથ જાદવે યુનિ. ની શિક્ષણ પદ્ધતિ અંગે,અભ્યાસક્રમો અંગે,પ્રવેશ અંગે,વહીવટી કામગીરી અંગે,પરીક્ષા પદ્ધતિ અંગેની તથા કેન્દ્રએ કરવાની થતી કામગીરી વિશે સંપૂર્ણ માહિતી આપી હતી તથા આવેલ પ્રતિનિધિઓની મૂંઝવણ/સમસ્યઓ અંગેની માહિતી આપી હતી.કાર્યક્રમના અંતે યુનિ. ના માનનીય કુલપતિશ્રીના હસ્તે તથા યુનિ.બોર્ડ ઓફ મેનેજમેન્ટ ના સભ્ય શ્રી ડૉ. ધરમભાઈ કાંબલીયાના હસ્તે સંસ્થાના વડાને કેન્દ્રની માન્યતા આપતા પત્રો આપવામાં આવ્યા હતા.માનનીય કુલપતિશ્રીએ કાર્યક્રમના અંતે સૌને યુનિવર્સિટીના પરિવારમાં જોડાવવા બદલ અભિનંદન આપ્યા હતા.યુનિવર્સિટીની શિક્ષણ પદ્ધતિનો વધુને વધુ લોકોને લાભ મળે તેવી હિમાયત કરી હતી.

(૨) ડૉ. બાબાસહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા રાજયમાં સૌપ્રથમ વાર ઓન લાઈન એડિમશન કરનાર છે જે વિષય અંતર્ગત યુનિવર્સિટી ગુજરાત ભરના તમામ કેન્દ્રો ઓન લાઈન એડમિશન ઉપરાંત યુનિવર્સિટીની અન્ય જરૂરી માહિતી મળી રહે તે માટે તા. 27-02-2007ના રોજ ગુજરાત સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાની ઓડીટોરીયમમાં સ્થળે એક દિવસીય અભિમુખતાનો કાર્યક્રમ યોજાઈ ગયો.આ અભિમુખતા કાર્યક્રમમાં અધ્યક્ષીય પ્રવચન આપતાં કુલપતિશ્રી પ્રો. અવધેશ કુમાર સિંહે યુનિવર્સિટીમાં વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યાને દુરવર્તી શિક્ષણ દ્વારા પહોંચી વળવા યુનિવર્સિટીનું કોમ્પ્યુટરાઈઝેશન વિકલ્પ હોઈ તેની હિમાયત કરી હતી.યુનિવર્સિટી ઓન લાઈન કોમ્પ્યુટરાઈઝેશન મહારાષ્ટ્ર નોલેજ કોર્પોરેશન લિ. (એમ.કે.સી.એલ.) કરનાર હોઈ તેના જનરલ મેનેજર શિક્ષણમાં કોમ્પ્યુટર રાઈઝેશનની આવશ્યકતા વિશે તથા ડૉ. બાબાસહેબ આંબેડકર યુનિવર્સિટીમાં થનાર કામગીરીની માહિતી આપી હતી. તેમજ ઓન લાઈન પ્રવેશ માટેની પ્રક્રિયા પ્રેઝન્ટેશન દ્વારા સંયોજકશ્રી સર્વ કો-ઓડિનેટરને માહિતી આપી હતી. સાથે સાથે યુનિવર્સિટીના તમામ કેન્દ્રના સંયોજકશ્રીને કેન્દ્ર પર વહીવટી કામગીરી દૂરવર્તી શિક્ષણ કેવીરીતે કરવી તે અંગેનું માર્ગદર્શન શ્રી આર.કે.અરોરા (જોઈન્ટ) કાર્યક્રમમાં ઉપલબ્ધ યુનિ. ના અધિકારીશ્રી અને તમામ વિભાગના વડાઓ તથા તમામ કેન્દ્ર પરથી ઉપસ્થિત સંયોજકોને જરૂરી ઓન લાઈન પ્રવેશ અંતર્ગત ચર્ચા વિચારણા અને પ્રશ્નોત્તરી કરી રસ પૂર્વક ઓન લાઈન એડમિશન અંગેની માહિતી મેળવી હતી.કાર્યક્રમમાં યુનિ. ના અધિકારીશ્રી બોર્ડ મેનેજમેન્ટ તેમજ અકડમિ પ્લાનિંગબોર્ડના સભ્યો પણ હાજર રહયા હતા તેમજ યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયા ઓન લાઈન થાય તેના પર ભાર મુકયો હતો અને સંયોજકશ્રીઓને તે અંગેનુ નિવેદન કર્યુ હતું.

## અભ્યાસકેન્દ્ર પરિચય ...

| | |
|---|---|
| અભ્યાસ કેન્દ્રનું નામ | : એમ.એમ.શાહ,મહિલા આર્ટ્સ કોલેજ,કડી, |
| કેન્દ્ર કોડ | : 1304 |
| સ્થાપના | : ઓગસ્ટ-2002 |
| સંયોજક | : પ્રો. ચૌધરી પ્રવિણભાઈ વી. |
| અભ્યાસક્રમો | : યુનિવર્સિટી દ્વારા ચાલતો માસ્ટર ડીગ્રી, પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા, ડિપ્લોમા, સર્ટીફિકેટ અભ્યાસક્રમો |

**સંસ્થાનો પરિચય**

શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રીમતી એમ.એમ.શાહ મહિલા આર્ટ્સ કોલેજની સ્થાપના વર્ષ ૧૯૯૧માં કડી અને ગ્રામ્ય વિસ્તારની બહેનોની અભ્યાસ કરવાની જીજ્ઞાસા સંતોષવાના તેમજ બહેનોના વર્ગમાં શિક્ષણ વધારી સમાજોત્કર્ષની ભાવનાથી શરૂ થયેલ.

મહિલા આર્ટ્સ કોલેજમાં પ્રિન્સીપાલશ્રી ડૉ.એમ.આર.ગોસાઈ કુશળ નેતૃત્વ કરી રહ્યા છે. તેમજ યુનિવર્સિટી કારોબારીના સભ્યપદે રહી રચનાત્મક કાર્યો શરૂ કરાવી વિકાસમાં સહભાગી બન્યા છે.

શિક્ષણની સાથે શિક્ષણોત્તર વિષયક પ્રવૃત્તિઓ જેવી કે શારીરિક શિક્ષણ-સ્પોર્ટસ યોગ, યુવા કલ્યાણ, સાંસ્કૃતિક, એન.એસ.એસ પુરાતત્વ શિબિર, ગૃહઉદ્યોગ શિબિર જેવી યુનિવર્સિટી કક્ષાની સફળ શિબિરોનું આયોજન કરી યજમાનપદ કરી રહી છે. આ સંસ્થા દ્વારા વિવિધ યોગ શિબિરનું પણ આયોજન થાય છે.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી નલીનભાઈ શાહ તેમજ આચાર્યશ્રી શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજોનો લાભ સમાજના વધુમાં વધુ લોકોને મળે તેવા અભ્યાસક્રમો શરૂ કરવાનું અને અદ્યતન કેમ્પસ વિકાસ માટે સક્રિય રસ લઈ રહયા છે

**અભ્યાસકેન્દ્ર પરિચય**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ કડી અને આસપાસના ગ્રામ્ય પ્રજાને જીવન ઘડતર અને કારકિર્દી ઘડવા શ્રી એસ.પી.શાહ એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રીમતી એમ.એન.શાહ મહિલા આર્ટ્સ કોલેજના આચાર્યશ્રી ડૉ.એમ.આર.ગોસાઈ તેમજ ટ્રસ્ટીશ્રીઓના દૂરદેશી અને સમાજોત્કર્ષની ભાવનાને સમજીને ઓગસ્ટ-૨૦૦૨થી અભ્યાસકેન્દ્ર કડીને મંજૂરી આપી અને શ્રીમતી એમ.એન.શાહ મહિલા અર્ટ્સ કોલેજ સંચાલિત અભ્યાસકેન્દ્ર 1304નો શુભારંભ થયો. ત્યારથી ઓપન યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં દિન પ્રતિદીન વધતી સંખ્યામાં જીજ્ઞાસુઓએ પ્રવેશ મેળવેલ છે.

ઓગસ્ટ-2002માં માન્યાતાથી શરૂથનાર અભ્યાસકેન્દ્ર અત્યારે સ્વતંત્ર વિદ્યાભવન ધરાવે છે. આ સ્વતંત્ર વિદ્યાભવનમાં સુવિધાયુક્ત કાર્યાલય, ડી.ડી.આર.એસ.,લેંગ્વેજ,થીયરી રૂમ, યોગકેન્દ્ર, કોમ્પ્યુટર સેન્ટર, પુસ્તકાલય વગેરે વિભાગો વિદ્યાર્થી સહાય સેવામાં કાર્યરત છે.

આ અભ્યાસકેન્દ્રનું અભ્યાસપૂર્ણ કરેલ વિદ્યાર્થીના સ્વૈચ્છિક રીતે મળતા સેટનો ઉપયોગ વિદ્યાર્થી કલ્યાણ અને જાણકારી હેતુ પહોંચાડે છે. યોગશિબિર, સંસ્થાના અન્ય કાર્યક્રમોમાં યુનિવર્સિટીના સી.સી.સી. અને સી.આઈ.સી. ના અભ્યાસક્રમોની પ્રવેશ જાહેરાત અંગે જાણકારી આપી યુનિવર્સિટીના પ્રચાર અને પ્રસાર કાર્ય હાથ ધરેલ છે. જેથી વિદ્યાર્થીઓની સંખ્યામા ઉત્તરોત્તર વધારો થયેલ છે.

## Workshop
## National Knowledge Commission : The Gujarat Initiative

રાષ્ટ્રીય જ્ઞાન આયોગ દ્વારા આવેલ રીપોર્ટ જયાં સુધી ગુજરાત રાજયના અનુસંધાનમાં પૂર્ણ ચર્ચા વિચારણાના હેતુસર ગાંધીનગર સ્થિત જી.સી.આર.ટી. કેમ્પસમાં શ્રી પી. પનીરવેલ, અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અધ્યક્ષતા હેઠળ એક કાર્યશાળા તા.૨૨-૦૩-૨૦૦૭ના રોજ યોજવામાં આવેલ.આ કાર્યશાળાનું આયોજન ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યુ હતું. ઉદ્‌ઘાટન પ્રવચનમાં ઉપસ્થિત મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કર્યું. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર ડૉ.રાજીવ કે ગુપ્તા, આઈ.એ.એસ. ઉપસ્થિત રહયા હતા. આ કાર્યશાળામાં સમગ્ર ગુજરાતમાં સ્થિત યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, ઉપકુલપતિશ્રીઓ તેમજ લાગતા વળગતા વિષયોના તજજ્ઞશ્રીઓને ગ્રુપ ડીસકશનના માટે આમંત્રિત કરવામાં આવેલ. ગ્રુપ ડિસકશનના પરિણામ સ્વરૂપે દરેક વિષયના નિષ્ણાતોએ પોતાનો અહેવાલ ગ્રુપમાં તૈયાર કરીને વર્કશોપમાં રજૂ કરેલ. તમામ અહેવાલોનું વિસ્તૃત વર્ણન તેમજ ટીપ્પણીઓ ઓપન સેશનમાં ચર્ચા માટે મુકવામાં આવેલ. ત્યારબાદ આવેલ તમામ અહેવાલોનું પરસ્પર ઓપન ડીસ્કસનમાં મુકી જરૂરી સુચનો કરવામાં આવેલ. અંતમાં ગુજરાત સરકાર વતી શિક્ષણ સચિવશ્રી પનીરવેલ સાહેબે સરકાર તરફથી જે કઈ ઘટતી કાર્યવાહી એટલે કે એકશન પ્લાન કરવાનો રહેશે તે કરવામાં આવશે. દરેક વિશ્વ વિદ્યાલયે એક સ્વાયત સંસ્થા હોવાથી તેનું કાર્યક્ષેત્રમાં સરકાર દ્વારા કોઈપણ હસ્તક્ષેપ કરવામાં આવતો ન હોવાથી ગુજરાતને શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધ પ્રાપ્ત કરવાની જવાબદારી યુનિવર્સિટીઓ અને તેને લક્ષ્ય આપનાર કુલપતિશ્રીઓનો યોગદાન મોટું હોય છે. તેમ છતાં સદર લક્ષ્ય પુરૂં પાડવા સરકાર તરફથી જે કંઈ કરવાનું રહેશે તે પુરૂ પાડવામાં આવશે.

અંતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીને હાજર રહેલ તમામ સભ્યોનો આભાર વ્યકત કર્યો.

## ફેબ્રુઆરી-2007ના સત્રથી શરૂ થયેલ પ્રોગ્રામકેન્દ્રોની યાદી

| અ.નં. | જિ. કોડ | પ્રોગ્રામકેન્દ્રનું નામ તથા સરનામું | કેન્દ્ર કોડ | ફાળવેલ અભ્યાસક્રમો |
|---|---|---|---|---|
| 1. | 01 | Techworld Com. Centre 205, આશ્રમરોડ, આર્શીવાદ કોમ્પલેક્ષ ઔડા ઓફિસ પાસે,અમદાવાદ | 0141 | CIC, CPCS, CCC |
| 2. | 01 | માધવ ટ્રસ્ટ,તખશીલા વિદ્યાપીઠ હાઈવે પર ધંધુકા અમદાવાદ | 0142 | CIC, CPCS, CCC |
| 3. | 01 | શ્રી કિષ્ના કલ્ચરલ એન્ડ વેલફેર B-4 શકિતધારા સોસાયટી, બાપુનગર, અમદાવાદ | 0143 | CIC, CPCS, CCC |
| 4. | 01 | સિધ્ધી વિનાયક એજયુકેશન સોસાયટી ધૂન ઈન્ટરનેશનલ,પબ્લીક સ્કૂલ 20,રાજ એપાર્ટમેન્ટ ઉત્તમનગર ગાર્ડનની સામે,અમદાવાદ | 0144 | CIC, CPCS, CCC |
| 5. | 01 | શ્રી બી આર પટેલ નૂતન ફેલેશીપ હાઈસ્કૂલ નવરંગપુરા આશ્રમરોડ.અમદાવાદ | 0145 | CIC, CPCS, CCC,MSW |
| 6. | 02 | શ્રી.વી.ડી.કે આર્ટસ, એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા અમરેલી.364 515 | 0209 | MEG, MGT, CIC, CCSE, CCC, CPCS, CEA |
| 7. | 02 | શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા કોલેજ,સાવરકુંડલા, અમરેલી-364 515 | 0210 | CIC, CPCS, CCC, BPP, MHD, MSO, CYS, DMCH,B.A.,B.COM |
| 8. | 02 | શ્રી જે.વી મોદી હાઈસ્કુલ, સાવરકુંડલા, અમરેલી 364 515 | 0211 | CCC, CCSE-1, CCSE-2, CCCD |
| 9. | 02 | શ્રી સ્વામીનારાયણ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમ્પ્યુટર , સાવરકુંડલા, અમરેલી. | 0212 | CIC, CPCS, CCC, BPP,B.A., B.COM, M.A |
| 10. | 06 | શ્રી વિનાયક એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ,વિનાયક પાર્ક 37/B ગોકુલ પાન રામેશ્વરનગર,જામનગર. | 0608 | CIC, CPCS, CCC, BPP,B.A.,B.COM, |
| 11. | 06 | સ્વામિનારાયણ ગુરુકુળ, જામનગર ઓખા સ્ટેટ હાઈવે સિવિલ એરપોર્ટની બાજુમાં નાઘેડી, જામનગર. | 0609 | CIC, CPCS, CCC |
| 12. | 07 | શ્રી આર્ટ્સ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, ગારડી, મેંદરડા, જુનાગઢ | 0714 | CIC, CCC, BPP, B.A, B.COM, M.A |
| 13. | 12 | શ્રી મારૂતિ હેલ્થ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ઈન્સ્ટિટયુટ ટ્રસ્ટ ઓફ હેલ્થ એજયુકેશન એન્ડ રિસર્ચ, તા-ભાવનગર, જિ-ભાવનગર | 1210 | CIC, CPCS, CCC, BPP,B.A.,B.COM, |
| 14. | 12 | શ્રી જે.સી કુમારપ્પામહાવિદ્યાલય ,ગઢડા, ભાવનગર.364750 | 1211 | BPP, B.A, B.COM, CIC, CFN, [illegible] CCCD, CMT,DCE, DCH,CTE, |
| 15. | 12 | શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ - ગઢડા રોડ બોટાદ, ભાવનગર. | 1212 | CIC, CPCS, BPP,B.A, B.COM,CTM, CMT,CTE |
| 16. | 12 | શ્રી ત્રિલોકનાથ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ત્રિલોકનાથ આરોગ્યધામ પંચવટી ચોક માટલા ઘરની બાજુમાં ઘોઘા જકાતનાકા પાસે, ભાવનગર | 1213 | DMCH, DVHW, CTBA, CCBP |
| 17. | 14 | શ્રી સૌરાષ્ટ શિક્ષણ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત સરસ્વતિ કોમ્પ્યુટર સેન્ટર રાજકોટ | 1420 | CIC, CPCS, CCC |
| 18. | 14 | જ્ઞાન સૌરભ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શાંતિનિકેતન B.S.W.કોલેજ રોડ, સોમનગર મેઈન રોડ,150 ફુટ રીંગરોડ,મવડી પ્લોટ રાજકોટ | 1421 | CIC, CPCS, CCC,MSW |
| 19. | 14 | શ્રી ટી.એન.રાવ કોલેજ સવ્ય સાચી એજયુકેશન ટ્રસ્ટ સંલગ્ન એમ.સી ભવન પાંછળ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નજિક રાજકોટ | 1422 | CIC, CPCS, CCC,MSW |
| 20. | 14 | શ્રી જ્ઞાન જાગૃતિ શાળા સંકુલ શ્રી સંગીત નૃત્ય, નાટક શિલ્પ ચિત્રકલા કેળવણી મંડળ આંબેડકર ચોક,રાજકોટ. | 1423 | CIC, CPCS, CCC, BPP, MHD, MSO,MGT,M.A,B.A,B.COM |
| 21. | 14 | શ્રી એચ.એન.દોશી એન્ડ શ્રી આર.એન દોશી કોમર્સ કોલેજ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત,વાંકાનેર, રાજકોટ 363621 | 1424 | CIC,CCC, BPP, B.A, B.COM, M.A.,CPCS |
| 22. | 14 | હરિવંદના એજયુકેશન ટ્રસ્ટ સુરપ્રભાવ,જયોતિનગર મેઈન રોડ યુનિ. રોડ, રાજકોટ | 1425 | CIC, CCC, BPP, B.A, B.COM,CPCS |
| 23 | 16 | શેઠ.એમ.એલ વિદ્યામંદિર ખાનપુર, જિ- પંચમહાલ | 1606 | CIC, CCCP, CPCS |
| 24. | 16 | પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ જાફરાબાદ ગોધર,પંચમહાલ | 1607 | CIC, CPCS, CCC,MSW |
| 25. | 17 | જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ મહીયાપુર સંચાલિત સરદાર પટેલ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર,જુના તખતપુર,તા-માલપુર,જિ-સાબરકાંઠા | 1716 | CIC, CPCS, CCC,CCCD, CTBA,CHR, CFN,B.A,B.COM, BPP,MEG, MSO, MGT, MHD |
| 26. | 20 | શ્રી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ ચરાડવા, c/o શ્રી સહજાનંદ સંસ્કારધામ ગુરૂકુલ ચરાડવા, સુરેન્દ્રનગર. | 2008 | CIC, CPCS, CCC, |
| 27. | 20 | શ્રી વર્ધમાન ગૃહઉધોગ મહિલા મંડળ રામ ભોજનાલયની બાજુમાં આઈ.ટી.આઈ ની સામે એસ.ટી. સ્ટેન્ડ પાસે સુરેન્દ્રનગર | 2009 | CIC, CPCS, CCC,CCCD |
| 28. | 05 | એચ.એસ પટેલ શિક્ષણ સંકુલ કલ્પનાનગર સોસાયટી ચાંદખેડા રોડ,જનતાનગર સામે,ચાંદખેડા,ગાંધીનગર | 0516 | CIC, CPCS, CCC,B.A, BPP,CFN, CTBA,DVHW,PGDDE |
| 29. | 05 | શ્રી જાગૃતિ યુવક મંડળ પહસ્મા શાંતિનિકેતન,તા-માણસા, જી-ગાંધીનગર | 0517 | CIC, CPCS, CCC |
| 30. | 05 | અભિનવ વિદ્યાવિહાર સનરાઈઝનગર,વિસત પેટ્રોલપંપ સામે મોઢેરા,તા-જી. ગાંધીનગર | 0518 | CIC, CPCS, CCC, |

## યુનિવર્સિટીના મુખ્ય મથક અંગે ખાસ સૂચના...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શાહીબાગ ખાતે કાર્યરત હતી તે હવે નીચે દર્શાવેલ સરનામે બદલવામાં આવેલ છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટયૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટની સામે,
સરખેજ-ગાંધીનગર હાઈવે,
સોલા,
અમદાવાદ-૩૮૦ ૦૬૦.

## 'જ્ઞાનગંગા' સંદર્ભે નમ્ર નિવેદન...

- 'જ્ઞાનગંગા' માટે યુનિવર્સિટીના અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોને માહિતી મોકલવા અંગેનો પત્ર મોકલાયો જ છે, આ સાથે પુનઃ સ્મરણ-નિમંત્રણ પાઠવવામાં આવે છે.
- 'જ્ઞાનગંગા' માં પ્રકાશિત કરવા માટે અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોને જૂની વિગતો ન મોકલતાં ચાલુ શૈક્ષણિક વર્ષની વિગતો જ મોકલવી.
- વિદ્યાર્થીઓએ મેળવેલી વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓ તેમજ તેમની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સફળતાઓ અંગેના સમાચારો પણ મોકલી શકાશે.
- મોકલવામાં આવેલી વિગતો શબ્દશઃ પ્રકાશિત કરવાનું શકય નહીં બને, પરંતુ 'જ્ઞાનગંગા'ના પ્રરૂપને અનુરૂપ અને પૃષ્ઠમર્યાદાને અનુલક્ષીને સંપાદિત કરીને જ પ્રગટ થઈ શકશે. **સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા :**
શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,સરકારી બંગલા નં.9, શાહીબાગ,અમદાવાદ-03

## યુનિવર્સિટીના ટેલિફોન(વિદ્યાર્થી સહાય માટે)...

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કેન્દ્રોના સંયોજકોનો યુનિવર્સિટીમાં સંપર્ક ન થવાની ફરિયાદોને ધ્યાને લઈને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓને મોબાઈલ આપવામાં આવેલ છે. જે દ્વારા વિદ્યાર્થીઓ તથા સંયોજકશ્રીઓ જે તે વિભાગ સાથે સીધો સંપર્ક કરી શકશે અને સમસ્યાનો નિકાલ કરી શકાશે.

| અધિકારીશ્રીનું નામ | વિભાગનું નામ | મોબાઈલ નં. |
|---|---|---|
| શ્રી એસ. એચ. બારોટ | ઈ/ચા.કુલસચિવશ્રી | 93761 11460 |
| શ્રી વી. જી. શાસ્ત્રી | ઈ/ચા.નિયામકશ્રી | 92283 55543 |
| શ્રી રામનારાયણ ઐયર | માન.કુલપતિશ્રીના અંગત સચિવ | 92283 55550 |
| શ્રી સાંકાભાઈ ના. પટેલ | પરીક્ષા | 92283 55545 |
| શ્રી દશરથ જી. જાદવ | પ્રવેશ | 92283 55547 |
| શ્રી એલ. એન. નાઈ | મટીરીયલ(ગોડાઉન) | 92283 55561 |
| શ્રી દિલીપ કાતરિયા | સ્વાધ્યાયકાર્ય | 92283 55549 |
| કુ. ધાર્મિની મહેતા | અભ્યાસકેન્દ્ર સંચાલન | 92283 55548 |
| શ્રી કે. બી. પટેલ | હિસાબી | 92283 55556 |
| શ્રી એસ. સી. શાહ | હિસાબી | 92283 55557 |
| શ્રી રામભાઈ એ. પટેલ | વહીવટ | 92283 55560 |
| શ્રી સંકેત પટેલ | કમ્પ્યુટર | 92283 55562 |
| ડૉ. કુસુમ શર્મા | અભ્યાસસામગ્રી વિકાસ | 92283 55546 |
| શ્રી દિપેશ વાય. જાની | એસ્ટેટ | 92283 55570 |

**ટેલિફોન નં. 27413747/48 (પ્રવેશ વિષયક માહિતી માટે),**
**27413749 (કુલસચિવશ્રી),**
**27413750/1 (પી.એસ.ટુ.વી.સી.)**
**વેબસાઈટ :** www.baou.org
**ઈ-મેઈલ :** feedback@baou.org

**તંત્રી, મુદ્રક, પ્રકાશક :** શ્રી એસ. એચ. બારોટ, કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ડફનાળા પાસે, શાહીબાગ, અમદાવાદ.
**સંપાદક મંડળ :** કુસુમ શર્મા, દશરથ જાદવ, ધાર્મિણી મહેતા તથા ચેતના શાહ. **કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન :** અલ્પેશ પટેલ

STAMP

To,
_______________
_______________
_______________
_______________
_______________

રવાના :-
કુલસચિવશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટયૂટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-380 060. (ગુજરાત) ટેલિ.(079) 27413747-51, ઈ-મેઈલ : feedback@baou.org,વેબસાઈટ : www.baou.org